# સોના-ચાંદીના ભાવ ફરી ધડામ

રાજકોટ તા.૫

સોના-ચાંદીના ભાવોમાં ફરી વખત તેજી-મંદીની ઉથલપાથલ શરૂ થઈ હોય તેમ આજે ભાવો ફરી ધડામ થયા હતા. ખાસ કરીને ચાંદીમાં ૯ ટકા જેવો મસમોટો કડાકો સર્જાયા બાદ આંશિક રિકવરી હતી. સોનું પણ ૫૦૦૦ રૂપિયા જેટલુ તૂટયા બાદ થોડું વધ્યુ હતું.

અસામાન્ય તેજી બાદ પ્રચંડ કડાકા અને ફરી ઉછાળા વચ્ચે હવે નવેસરથી મંદી હોય તેમ સોના-ચાંદીના ભાવ ગગડયા હતા. વિશ્વબજારની મંદીનો પ્રત્યાઘાત પડયો હતો. ભારતીય કોમોડીટી એકસચેંજમાં ચાંદીના ભાવમાં ૧૮૦૦૦ નો કડાકો હતો.નીચામાં ૨૩૯૦૦૦ થયા બાદ ૨૫૦૨૦૦ હતી. વિશ્વ બજારમાં ચાંદી ગગડીને ૭૭.૩૬ ડોલર હતી. હાજર ચાંદીમાં

**ચાંદી નીચામાં ૨૩૯૦૦૦ થયા બાદ ૨૫૦૨૦૦: રૂા.૧૮૦૦૦નું ગાબડુ: સોનુ નીચામાં ૧૪૮૪૫૫ થઈને ૧૫૨૬૩૫**

૩૩૦૦૦ ના કડાકાથી ૨૫૬૪૦૦ હતી.સોનામા પણ ગાબડુ હતું હાજર સોનુ ૫૫૦૦ ના કડાકાથી ૧૫૭૫૦૦ હતું કોમોડીટી એકસચેંજમાં નીચામાં ૧૪૮૪૫૫ થઈને ૧૫૨૬૩૫ હતું વિશ્વ બજારમાં ભાવ ૫૦૦૦ ડોલરની નીચે ઉતરીને ૪૮૮૩ ડોલર સાંપડયો હતો. સોના-ચાંદીમાં ઉથલપાથલને પગલે ઈન્વેસ્ટરોમાં ચિંતા પ્રસરી છે. રોજ ૫-૧૦ ટકાની વધઘટ અસામાન્ય છે અને વાયદા તો ઠીક ફીઝીકલ વેપારને પણ મોટો ફટકો પડયો છે. વેપારીઓના કહેવા પ્રમાણે વર્તમાન પ્રકારની વધઘટ ચાલૂ રહેવાનાં સંજોગોમાં કારોબાર ફરી ઠપ્પ થઈ શકે છે.

છેલ્લા દિવસોની તેજી પાછળ સંભવીત યુદ્ધ સહિતના ઘટનાક્રમોને જવાબદાર ગણવામાં આવતા હતા પરંતુ મંદી ઉથલપાથલ પાછળનૂં કારણ બેફામ સટ્ટો અને પોઝીશનો હળવી થવાનું મનાય છે.



નવી દિલ્હીમાં ચાલી રહેલા સંસદના બજેટસત્રમાં પૂર્વ સેનાધ્યક્ષ નરવણેના અપ્રકાશિત પુસ્તકની નોંધો લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઉલ્લેખ કરતાં તેમને સત્તાધારી પક્ષના સભ્યોએ રોકતા સર્જાયેલા વિવાદના ચાલી રહેલા ચોથા દિવસે વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના પ્રિયંકા ગાંધી વાડ્રા તેમજ અન્ય સભ્યો સત્રમાં ભાગ લેવા સંસદ ભવન ખાતે આવી પહોંચેલા નજરે પડે છે.

ભારતની હાલ કરતા આયાત ડબલ થવાની સંભાવના

# ડ્રાયફ્રુટથી દારૂ: અમેરિકાથી ભારતની આયાત ૧૦૦ બીલીયન ડોલર થશે

નવી દિલ્હીઃ ભારત પરના ૫૦%ના ટેરિફ દુર કરી ૧૮% કરવાના અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરેલી જાહેરાત સાથે એ પણ જાહેર કર્યુ હતું કે ભારત ૫૦૦ બીલીયન ડોલરની અમેરિકી આયાત કરશે. પરંતુ વ્યાપાર નિષ્ણાંતોના જણાવ્યા મુજબ આ પ્રકારે ૫૦૦ બિલિયન ડોલરનો વ્યાપાર એક વર્ષમાં અશકય છે. હાલ ભારત અમેરિકા પાસેથી ૪૫.૬૨ બીલીયન ડોલરની આયાત કરે છે જે એક વર્ષમાં ડબલ એટલે કે ૧૦૦ બીલીયન ડોલરથી થઈ જશે.

ભારતે વ્યાપક રીતે અમેરિકી ઉત્પાદનો માટે બજાર ખોલવાનો નિર્ણય લીધો છે અને તેમાં પ્રમુખ ડોનાલ્ડ પ્રમુખની જાહેરાત મુજબ અનેક પ્રકારના ટેરિફ ઝીરો પણ થઈ જશે પણ મુખ્યત્વે ભારત અમેરિકા પાસેથી એરક્રાફટ- ટેકનોલોજી, કિંમતી ધાતુ અણુમથકોના સાધનો અને શસ્ત્રો ઉપરાંત કૃષી આયાત કરશે તો ક્રુડથી કોલ જેવા ઉર્જા સ્રોત પણ ખરીદશે.

ભારતે અમેરિકી કૃષી ઉત્પાદનો માટે દરવાજા ખોલ્યા છે તે વાસ્તવિકતા છે પણ તેમાં ઉત્પાદન અને કવોટા બન્નેની મર્યાદા નિશ્ચિત કરી છે. ખાસ કરીને જીનેટીકલી મોડીફાઈડ જીએમ તરીકે ઓળખાતા ઉત્પાદકો, સોયાબીન પોલ્ટ્રી, મકાઈ તથા કઠોળનો સમાવેશ થાય છે પણ અમેરિકી ડ્રાયફ્રુટ- વાઈન માટે ઝીરો ડયુટી જેવી સ્થિતિ બની શકે છે. અમેરિકાના વ્યાપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરે દાવો કર્યો કે અમેરિકી ઔદ્યોગીક માલ સામાન પરની ભારતની જકાત ઝીરો થઈ જશે જે હાલ ૧૩.૫% છે. એટલું જ નહી ડ્રાયફ્રુટ, વાઈન, સ્પીરીટ, ફળો, શાકભાજી વિ. પર ઝીરો ડયુટી થઈ જશે પણ ભારતે બીફ (ગોમાસ) સોયાબીન, ખાંડ, ડેરી જેવા ઉત્પાદનોને પ્રવેશ મળશે નહી.

આ ઉપરાંત સુપરફુડ તરીકે ઓળખાતા ચેસ્ટવટ, દાળ, કપાસ, ડુંગળી વિ. ઉત્પાદનોની આયાતના કવોટા નિશ્ચિત થયા છે તો સફરજનની આયાત મુક્ત હશે. ભારતે આ સુવિધા અન્ય યુરોપીયન દેશોને પણ આપી છે. જો કે સરકારનો દાવો છે કે કૃષી-ડેરી ઉદ્યોગોને પુરી રીતે સુરક્ષા અપાઈ છે. ભારતના ખેડુતો, માછીમારો, માલધારીઓને આ કરારની અસર થાય નહી તેની ચિંતા થઈ છે.

## ચીન-કેનેડા-મેકસીકોએ અમેરિકી કૃષી આયાત ઘટાડતા તે ભારતમાં ઠાલવવા માંગે છે!

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર કરારમાં કૃષી આયાતોનો મુદો પેચીદો બની જશે તે નિશ્ચિત છે. સરકારે હજું ફકત કૃષી-ડેરીક્ષેત્રને હિતો સાથે કોઈ સમાધાન કરાયુ નથી તેવો દાવો કરે છે પણ કૃષી ઉત્પાદનો નિકાસ કરવા એ અમેરિકાની મજબૂરી છે. ઈન્ડીયન કોઓર્ડીનેશન કમીટી ઓફ ફાર્મર્સ મુવમેન્ટ એ અગાઉ જ સરકારને કૃષી મુદે ચેતવણી આપી હતી અને જો અમેરિકી કૃષી ઉત્પાદનોને ડયુટી ફ્રી આયાતની છુટ અપાશે તો ગંભીર સ્થિતિની ચેતવણી આપી હતી.

અમેરિકાને તેના મેકસીકો, કેનેડા, ચીન સાથેના વ્યાપાર કરારમાં તેના કૃષી નિકાસને મોટુ સહન કરવુ પડયું છે અને તેની કૃષી નિકાસ ખાધ ડબલ છે તેથી તે ભારતમાં ઠાલવવા માંગે છે. ચીને સોયાબીન આયાત બંધ કરતા અમેરિકન સોયાબીન નિકાસ ૩૪.૪ બીલીયનમાંથી ૨૪.૪ બીલીયન થઈ છે. જયારે મકાઈ નિકાસ ૧૮.૬ બીલીયનમાંથી ઘટીને ૧૩.૯ બીલીયન થઈ છે જેથી અમેરિકી સરકાર દબાણ હેઠળ છે.

# હવે મમતા સામે ચૂંટણી પંચ સુપ્રીમમાં : રાજયમાં ‘સર’ની પ્રક્રિયા સામે ધમકી અને હિંસાની ફરિયાદ

નવી દિલ્હી, તા. ૫

ગઈકાલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ સુપ્રીમ કોર્ટમાં હાજર થઈને ચૂંટણી પંચની ‘સર’ પ્રક્રિયા સામે આક્રોશભરી રજુઆત કર્યા બાદ આજે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કરીને પશ્ચિમ બંગાળમાં ‘સર’ની પ્રક્રિયા સમયે અધિકારીઓને ધમકી અપાઈ રહી હોવાના તથા તેમને હિંસક હુમલાનો સામનો કરવો પડી રહ્યો છે તેવી ફરિયાદ કરીને તાત્કાલીક સર્વોચ્ચ અદાલતની દરમ્યાનગીરીની માંગણી કરી છે. પંચે સુપ્રીમમાં તાત્કાલીક જવાબ રજુ કરીને જણાવ્યું હતું કે, એક વ્યવસ્થિત પેટર્ન મારફત પશ્ચિમ બંગાળમાં ‘સર’ની પ્રક્રિયાને રોકવા પ્રયાસ થઈ રહ્યો છે અને ખુદ મુખ્યમંત્રીના ભાષણોથી આ પ્રકારની સ્થિતિને વેગ મળી રહ્યો છે. જયારે પોલીસ દોષીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આનાકાની કરી રહી છે. ચૂંટણી પંચે પોતાના સોગંદનામામાં જણાવ્યું છે કે એ સ્પષ્ટ

**તાત્કાલીક સર્વોચ્ચ અદાલત દરમ્યાનગીરી કરે : મુખ્યમંત્રી મમતા બેનર્જીને આરોપીના પાંજરામાં મુકયા**

દેખાઈ રહ્યું છે કે પશ્ચિમ બંગાળમાં ‘સર’ની પ્રક્રિયા સામે જે પડકાર આવી રહ્યા છે તે રાજયની મશીનરી અને કર્મચારીઓ દ્વારા દખલ કરવામાં આવી રહી છે. અધિકારીઓ સામે ડરનો માહોલ બનાવાઈ રહ્યો છે. ચૂંટણી પંચે જણાવ્યું છે આ પ્રકારની ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતાની સુરક્ષા સામે પ્રશ્ન ઉઠશે. સુપ્રીમ કોર્ટે તેમાં તાત્કાલીક દરમ્યાનગીરી કરવી જોઈએ. ચૂંટણી પંચે એ પણ દાવો કર્યો કે ૧૪ જાન્યુઆરીના મુખ્યમંત્રીએ એક પ્રેસ કોન્ફરન્સ કરી ડરનો માહોલ પેદા કરવાની કોશીશ કરી છે અને ‘સર’ની પ્રક્રિયા સામે લોકોને ગુમરાહ કરવા અને ખોટી માહિતી આપવામાં આવી રહી છે. ચૂંટણી પંચના અધિકારીઓને ધમકી આપવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ રીતે માઈક્રો ઓબ્ઝર્વરને હરીદાસને નિશાન બનાવ્યા હતા અને આ રીતે તેઓને ના હિંમત કરવામાં આવી રહ્યા છે.

# યુજીસીની ફરિયાદ બાદ દિલ્હી પોલીસે અલ ફલાહ યુનિવર્સિટીના ચેરમેનની કરી ધરપકડ

દિલ્હી : દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કથિત ગેરરીતિઓના સંબંધમાં અલ ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીની ધરપકડ કરી છે, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું, જે ખાનગી સંસ્થાની તપાસમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા દાખલ કરાયેલી ફરિયાદોના આધારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તાજેતરમાં કરાયેલી કાર્યવાહી બાદ આ ધરપકડ કરવામાં આવી છે. UGCની ફરિયાદોના આધારે કાર્યવાહી કરતા, ક્રાઈમ બ્રાન્ચે સિદ્દીકી વિરુદ્ધ બે અલગ અલગ FIR નોંધી હતી, જેમાં તેમના પર છેતરપિંડી અને અન્ય સંબંધિત ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

**કોર્ટે પોલીસ કસ્ટડી મંજૂર કરી :**

પોલીસે જણાવ્યું હતું કે સિદ્દીકીને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને દિલ્હીની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી વધુ પૂછપરછ અને તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચને ચાર દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે આ કેસમાં કથિત અનિયમિતતાઓ અને રેકોર્ડમાં ખોટા સુધારાનો સમાવેશ થાય છે, જોકે તેમણે કહ્યું કે પૂછપરછ આગળ વધતાં વધુ વિગતો બહાર આવવાની અપેક્ષા છે.

**આતંકવાદ સાથે જોડાયેલા સ્ટાફ માટે યુનિવર્સિટી તપાસ હેઠળ છે :**

લાલ કિલ્લા વિસ્ફોટ કેસમાં દોષિત ઠરેલા ડો. ઉમર નબી, જેમાં ૧૩ લોકો માર્યા ગયા હતા,

# અમેરિકામાં ૪૦% ભારતીય નિકાસ પર કોઈ ટેરીફ નથી

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર સમજુતીમાં ખાસ કરીને કૃષી, ડેરી ક્ષેત્રની આયાત મુદે કોઈ સમાધાન થયુ નથી અને થશે નહી તેવું મોદી સરકાર સ્પષ્ટપણે જણાવે છે અને અમેરિકાના ૧૮% ટેરીફ એ રેસીપ્રોકસ ટેરીફ છે એટલે ભારતના ટેરીફ એ ૧૮% હોય તો જ અમેરિકા ૧૮% ટેરિફ લાદશે પણ આ હાલના કરાર પહેલા પણ ભારતના ૪૦% જેટલા ઉત્પાદનો અમેરિકામાં શુન્ય ટેરીફથી નિકાસ થતા હતા. ભારતના ઈલેકટ્રોનીકસ-ફાર્મા પ્રોડકટસ જેમાં બલ્ક દવાઓનો સમાવેશ થાય છે એ સહિત ભારતથી જે સૌથી વધુ ત્રણ નિકાસ અમેરિકામાં થાય છે તેના પર કોઈ ટેરીફ લાગતા નથી. ઈલેકટ્રોનીકસ નિકાસ ૧૬.૭ બિલિયન છે બાદમાં ફાર્મા ૬.૧૮ બીલીયન ડોલર અને પેટ્રો પેદાશ ૨-૭ બીલીયન ડોલરની થઈ છે. ચા, કોફી અને મસાલાની ૨.૫૪ બીલીયન ડોલરની નિકાસ થઈ છે.

**આ વ્યવસ્થા વ્યાપાર સમજુતી પુર્વેની છેઃ સરકારની સ્પષ્ટતા**

# શેરબજારમાં મંદીનો આંચકો: સેન્સેકસ ૫૦૦ પોઈન્ટ તૂટયો

રાજકોટ તા.૫

મુંબઈ શેરબજારમાં બે દિવસની તેજી બાદ આજે ફરી મંદીનો આંચકો અનુભવાયો હતો. ઉંચા ભાવે આક્રમક વેચવાલી નીકળતા મોટાભાગના શેરોમાં ગાબડા પડયા હતા.શેરબજારમાં આજે માનસ નબળુ પડી ગયુ હતું. ભારત-અમેરિકા ટ્રેડ ડીલની વિગતો જાહેર ન થતી હોવાથી ખચકાટ હતો. અનેકવિધ અટકળો પ્રવર્તતી હતી. ભારતને કેટલો લાભ થશે તે વિશે પણ આ શંકા દર્શાવાતી હતી. આ સિવાય નાણાં સંસ્થાઓના વેપાર ધીમા પડી ગયાની પણ અસર હતી. આઈટી શેરોમાં બે દિવસના કડાકાથી માનસ નબળુ પડયુ હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ટ્રેડ ડીલ બજેટ જેવા પરિબળોની અસર ખત્મ થઈ છે. રિઝર્વ બેન્કની ધિરાણ નીતિ પર નજર રાખવામાં આવી રહી છે.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૪૨૭ પોઈન્ટ ગગડીને ૮૩૩૯૦ હતો જે ઉંચામાં ૮૩૭૮૪ તથા નીચામાં ૮૩૧૫૧ હતો. નીફટી ૧૧૮ પોઈન્ટ ઘટીને ૨૫૬૫૭ હતો જે ઉંચામાં ૨૫૭૫૭ તથા નીચામાં ૨૫૫૭૯ હતો. મુખ્ય શેરોમાં જયુબીલન્ટ ફુડ, કયુમીન્સ, પેઈજ ઈન્ડ., ટ્રેન્ટ, જીઈ શીપીંગ, ઈન્ડીયન ઓઈલ, લ્યુપીન, જીંદાલ સ્ટીલ વગેરેમાં સુધારો હતો. ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, એમસીએકસ, વેદાંતા, હિન્દુસ્તાન ઝીંક, એચડીએફસી બેંક, વોડાફોન, સુઝલોન, યશ બેંક, એનએમડીસી, આઈએસબી એગ્રો વગેરેમાં ઘટાડો હતો.

આજે જયારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની બોલબાલા છે ત્યારે...

# ભારતમાં પ્રથમવાર આવી રહ્યો છે AI આધારિત IPO: આવતા વિકે લોન્ચ

નવી દિલ્હી તા.૫

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) હાલમાં માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે લોકપ્રિયતા મેળવી રહ્યું છે. AI-આધારિત કંપનીનો IPO આગામી અઠવાડિયે લોન્ચ કરવા માટે તૈયાર છે. આ ભારતનો પ્રથમ IPO હશે જે સંપૂર્ણપણે AI પર આધારિત કંપનીનો છે.

Fractal Analyticsનો IPO એવા સમયે બજારમાં આવી રહ્યો છે જ્યારે લોકોનો AIમાં રસ વધી રહ્યો છે. આ ૨,૮૩૩.૯ કરોડ રૂપિયાનો IPO છે. શરૂઆતમાં, તેનું કદ ૪,૯૦૦ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ હવે તેમાં ૪૨ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે. આ વર્તમાન શેરબજારની પરિસ્થિતિને કારણે હોવાનું માનવામાં આવે છે. IPO આવતા અઠવાડિયે સોમવાર, ૯ ફેબ્રુઆરીએ ખુલશે. રોકાણકારો ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી બોલી લગાવી શકશે. શેર ૧૬ ફેબ્રુઆરીએ BSE અને NSE પર લિસ્ટ થવાની ધારણા છે. ફ્રેક્ટલ એનાલિટિક્સનો પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર ૮૫૭ રૂપિયાથી ૯૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. રોકાણકારોએ ઓછામાં ઓછા ૧૬ શેરના લોટ સાઈઝ માટે અરીજી કરવી પડશે. ઉપરના ભાવે, એક લોટ માટે રૂ.૧૪,૪૦૦નું રોકાણ કરવાની જરૂર પડશે.


## જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકા-અસારવાના મોજે-નરોડાની સીમના સર્વે ૧૦૮૯ (સિટી સર્વે નં. ૦૦૨૦૦૧૯)ની જમીન ઉપર વ્રજ વિહાર કો.ઓપ. હા.સો.લિ. જે વ્રજ કોલોની નામની યોજનામાં આવેલ ટેનામેન્ટ નં. ૩૭ (એ-૩૭) જે આશરે -૧૪૮.૫ ચો.મી.પ્લોટ એરિયા તથા ૮૪.૬૮ ચો.મી.ના બાંધકામ સહિતની મિલકતના માલિક કરશનભાઈ હરિભાઈ ગૌડાની માલિકીની આવેલ તેઓએ સદર મિલકત ડાહ્યાભાઈ હરગોવનદાસ પટેલને તા. ૮-૫-૧૯૮૬ના રોજ બાનાખતના કરાર કરેલ ત્યારબાદ ડાહ્યાભાઈ હરગોવનદાસ પટેલએ તેઓના કુલ મુખત્યાર સચિન ડાહ્યાભાઈ પટેલ દ્વારા સદર મિલકત અમિત રામ સ્વરૂપ અગ્રવાલને વેચાણ દસ્તાવેજ નં. ૭૬૮૨ તા. ૩૧-૫-૨૦૧૭ના રોજ વેચાણ આપેલ અને તેઓ સદર મિલકત પ્રવિણકુમાર દિનેશભાઈ સોનીને વેચાણ આપવા માંગે છે અને તેઓ સદર મિલકત આઈ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંક લિ.માં ગિરો મુકીને લોન લેવા માંગતા હોવાથી અમારી પાસે ના વાંધા પ્રમાણપત્રની માંગણી કરેલ છે. આથી મજકુર મિલકત ઉપર કે તેનો કોઈ ભાગ ઉપર અન્ય કોઈપણ વ્યક્તિ, અન્ય કોઈ બેંક, નાણાંકિય સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગીરો, બોજો, અલાખો, ઈઝમેન્ટ રાઈટ્સ, ટેનન્સી રાઈટ્સ,બાનાખતના હકકો, ગણોત હક્કો, ભાડા પટ્ટાના હક્કો, ડેવલપમેન્ટના હક્કો, લીસ પેન્ડન્સી,લિયન, એટેચમેન્ટ, ધરાવતા હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૦ (દસ)માં તમામ પ્રકારના પુરાવા સહિતની લેખીત જાણ રજીસ્ટર્ડ એ.ડી.થી નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારના હકક, હિસ્સો આવેલ નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી મુદત વિત્યે ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવશે અને તેને આનુસંગીક કાર્યવાહી કરવામાં આવશે.

ડી.એન. મકવાણા (એડવોકેટ) સી-૧૨૦૪, ઇલાઇટ ગ્રીન,
વંદેમાતરમ આર્કેડની સામે, ગોતા, અમદાવાદ. મો.: 7779072742

## જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકા સાબરમતીના મોજે-વાડજની સીમના સર્વે નં. ૨૭૮, ફાઈનલ પ્લોટ નં. ૧૦૦, ટી.પી. નં. ૨૯ની જમીન ઉપર ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બાંધવામાં આવેલ રૂપલ પાર્ક નામની યોજનામાં બ્લોક નં. એમ ના ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. એમ/૩/૧૪ જે આશરે ૭૬.૪૪ ચો.મી. એટલે કે, ૯૧.૪૨ વાર બાંધકામ સહિતની મિલકતના માલિક ભગવાનભાઈ માલાભાઈ વાઘેલા તા. ૮-૫-૧૯૮૮ના રોજ અવસાન પામેલ તથા વાલીબેન ભગવાનભાઈ તા. ૮-૫-૨૦૨૧ના રોજ અસવાન પામેલ તથા ઉદયભાઈ વાઘેલા તા. ૨૩-૧૧-૧૯૯૦ના રોજ અવસાન પામેલ તેઓના વારસદારો તરીકે વંદનાબેન ભરતભાઈ મકવાણા, મીનાક્ષીબેન બીપીનભાઈ સોલંકી તથા રાજેન્દ્રભાઈ ભગવાનભાઈ વાઘેલા,હર્ષદભાઈ વાઘેલાના નામો વારસાઈ હક્કે દાખલ થયેલ જે પૈકી હર્ષદભાઈ વાઘેલા, વંદનાબેન ભરતભાઈ મકવાણા, તથા મીનાક્ષીબેન બિપીનભાઈ સોલંકી એ પોતાનો હિસ્સો રાજેન્દ્રભાઈ ભગવાનભાઈ વાઘેલાની તરફેણમાં હકક કમીના લેખ અનુક્રમ નં. ૮૦૩૭ તા. ૮-૪-૨૦૨૨ના રોજ હકક જતો કરેલ. તેઓએ સદર મિલકત ધર્મિષ્ઠાબેન વિરલ પરમારને વેચાણ આપવા માંગે છે અને તેઓ સદર મિલકત આઈ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંક લિ.માં ગિરો મુકીને લોન લેવા માંગતા હોવાથી અમારી પાસે ના વાંધા પ્રમાણપત્રની માંગણી કરેલ છે.

આથી મજકુર મિલકત ઉપર કે તેનો કોઈ ભાગ ઉપર અન્ય કોઈપણ વ્યક્તિ, અન્ય કોઈ બેંક, નાણાંકિય સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગીરો, બોજો, અલાખો, ઈઝમેન્ટ રાઈટ્સ, ટેનન્સી રાઈટ્સ,બાનાખતના હકકો, ગણોત હક્કો, ભાડા પટ્ટાના હક્કો, ડેવલપમેન્ટના હક્કો, લીસ પેન્ડન્સી,લિયન, એટેચમેન્ટ, ધરાવતા હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૦ (દસ)માં તમામ પ્રકારના પુરાવા સહિતની લેખીત જાણ રજીસ્ટર્ડ એ.ડી.થી નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારના હકક, હિસ્સો આવેલ નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી મુદત વિત્યે ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવશે અને તેને આનુસંગીક કાર્યવાહી કરવામાં આવશે.

ડી.એન. મકવાણા (એડવોકેટ) સી-૧૨૦૪, ઇલાઇટ ગ્રીન,
વંદેમાતરમ આર્કેડની સામે, ગોતા, અમદાવાદ. મો.: 7779072742

## હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ. ઓફિસઃ ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭. ફોનઃ ૦૧૧ ૪૯૨૬૭૦૦૦,
ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈમેઈલઃ customer.care@herohfl.com
વેબસાઈટ:www.herohousingfinance.com, સીઆઈએન : U65192DL2016PLC30148
સંપર્ક માટે સરનામું: દુકાન નં. ડી-૪૧ અને ૪૨, ત્રીજે માળે, સિગ્નેચર ગેલેરિયા, મહાવીર ટર્નિંગ પાસે, જૂનો ને.હા.-૦૮, અંકલેશ્વર, ગુજરાત-૩૯૩૦૦૧.

### કબજા નોટિસ (સ્થાવર સંપત્તિ માટે)

(એપેન્ડિક્સ – IV ને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૧) સાથે વંચાણે લેતા મુજબ)
નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨, સેક્શન ૧૩(૧૨)ને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ દેવાદારોને નીચે જણાવ્યા મુજબ ડિમાન્ડ નોટિસો મોકલી હતી અને દેવાદારોને નોટિસમાં જણાવેલ રકમ આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ.

દેવાદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, દેવાદારને વિશેષરૂપે તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ (૪) અને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં મળેલ અધિકારો હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો કબજો લીધો છે.

દેવાદારને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર નીચે જણાવેલ રકમ નીચે જણાવેલ તારીખથી થનાર એની પરના વ્યાજ અને દંડનીય વ્યાજ, ચાર્જેસ, કોસ્ટ્સ વગેરે સહિતની રકમ માટે હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના ચાર્જને અધીન રહેશે. સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન ૮ની જોગવાઈ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

| ધિરાણ ખાતા નંબર | દેવાદાર(રો) /કાયદેસર વારસદાર(રો)/ કાયદેસર પ્રતિનિધિ(ઓ) નાં નામ | ડિમાન્ડ નોટિસ તારીખ / ડિમાન્ડ નોટિસ મુજબ રકમ | કબજાની તારીખ (કન્સ્ટ્રક્ટિવ/ ફિઝિકલ) |
|---|---|---|---|
| HHFRAJLAP 23000039073 | રામજી વિક્રમભાઈ શિનોજીયા, મીનાબેન રામજીભાઈ શિનોજીયા, શિનોજીયા વિક્રમભાઈ ટપુભાઈ | ૧૬-જૂન-૨૦૨૫ તા. ૦૯.૦૬.૨૦૨૫ મુજબ રૂ. ૩૪૦૯૮૪૮/- | ૦૧- ફેબ્રુ.-૨૬ (ફિઝિકલ) |
| સિક્યોર્ડ અસ્ક્યામતો/સ્થાવર મિલકતોનું વર્ણન:મિલકત તે કોમર્શીયલ દુકાન નં.૭ ધારક કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૧૩-૬૬૧૭ ચો.મી. ઉપલા લેવલે અને કોમર્શીયલ દુકાન નં.૧૦ ધારક કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૧૪-૮૮ ચો.મી. ઉપલા લેવલે, પાર્શ્વનાથ કોમ્પ્લેક્સ નામની બિલ્ડિંગમાં જે ૨૧૮-૧૯ ચો.મી. જમીન પર બંધાયેલ છે, સિટી સર્વે નં.૧૦૨, સિટી સર્વે વૉર્ડ નં. ૧૨, શીટ નં. ૨૦૩, રાજકોટ શહેર અને જિલ્લા ખાતે ગુજરાત રાજ્યમાં તે મિલકતના તમામ હક્કહિસ્સા. દુકાન નં.૭ની સીમાઓઃ ઉત્તરેઃ દુકાન નં.૬, દક્ષિણેઃ દુકાન નં.૮, પૂર્વેઃ લિફ્ટ, પશ્ચિમેઃ પેસેજ અને ખુલ્લી જગ્યા. દુકાન નં.૧૦ની સીમાઓઃ ઉત્તરેઃ દુકાન નં.૯, દક્ષિણેઃ દુકાન નં.૧૧, પૂર્વેઃ વળાંકવાળું પાર્કિંગ અને ઓટીએસ, પશ્ચિમેઃ પ્રવેશ, પેસેજ, માર્જિન જગ્યા અને તે પછી રોડ. | | | |
| HHFRAJHOU 24000057491 | દીપક રાઘવભાઈ માયાણી, માયાણી વર્ષાબેન દીપકભાઈ | ૨૧-જુલાઈ-૨૦૨૫ તા. ૧૦.૦૭.૨૦૨૫ મુજબ રૂ. ૨૫૨૮૮૭૬/- | ૦૧-૦૨-૨૦૨૬ (ફિઝિકલ) |
| સિક્યોર્ડ અસ્ક્યામતો/સ્થાવર મિલકતોનું વર્ણન:રહેણાંક મકાન જમીન ૫૫-૭૯ ચો.મી. જમીન પર સબ પ્લોટ નં.૬૮થી ૭૫/૭ + ૮ +૨૯+ ૩૦ (૬૮થી ૭૫/૯ +૧૦ +૨૭ +૨૮/૪ +૮)/૫ અને ૧૦+ ૬૮થી ૭૫/૧થી ૬ અને ૩૧થી ૩૭)/૯ રેસનં.૧૯૯ માહિકા તા. અને જિ. રાજકોટ, ગુજરાત રાજ્યમાં દસ્તાવેજમાં લખ્યા મુજબની કોમન સુવિધાઓ સહિત આ મિલકતના હક્કહિસ્સા. મિલકતની સીમાઓઃ ઉત્તરેઃ સબપ્લોટ નં. ૬૮થી ૭૫/૭ + ૮ +૨૯+ ૩૦ (૬૮થી ૭૫/૯ +૧૦ +૨૭ +૨૮/૪ +૮)/૫ અને ૧૦+ ૬૮થી ૭૫/૧થી ૬ અને ૩૧થી ૩૭)/૧૦ની મિલકત દક્ષિણેઃ સબપ્લોટ નં. ૬૮થી ૭૫/૭ + ૮ +૨૯+ ૩૦ (૬૮થી ૭૫/૯ +૧૦ +૨૭ +૨૮/૪ +૮)/૫ અને ૧૦+ ૬૮થી ૭૫/૧થી ૬ અને ૩૧થી ૩૭)/૮ની મિલકત પૂર્વેઃ સબપ્લોટ નં. ૬૮થી ૭૫/૭ + ૮ +૨૯+ ૩૦ (૬૮થી ૭૫/૯ +૧૦ +૨૭ +૨૮/૪ +૮)/૫ અને ૧૦+ ૬૮થી ૭૫/૧થી ૬ અને ૩૧થી ૩૭)/૨૦ની મિલકત, પશ્ચિમેઃ ૯.૦૦ મી. રોડ | | | |
| HCFMRBSEC000 01024815 | મે. રાજ ચામુંડા પાન, કોળી દેવરાજભાઈ ગોરધનભાઈ, કોળી જયાબેન દેવરાજભાઈ, ગોરિયા ધનજી દેવરાજભાઈ | ૧૧- નવેમ્બર -૨૦૨૫ તા.૨૧.૦૮.૨૦૨૫ મુજબ રૂ. ૫૩૯૨૫૨/- | ૦૩-૦૨-૨૦૨૬ (ફિઝિકલ) |
| સિક્યોર્ડ અસ્ક્યામતો/સ્થાવર મિલકતોનું વર્ણનઃ જમીન અને મકાન દેવપરા ગ્રામ પંચાયત ગામતળ મિલકત મકાન નં. ૧૬૧, ક્ષેત્રફળ ૨૫૦ ચો.વાર એટલે કે ૨૦૯ ચો.મી. મુ. સાજનપર, તા. ટંકારા, જિ. મોરબી, ગુજરાત- ૩૬૦૦૫૦ના તમામ હક્કહિસ્સા. સીમાઓ નીચે મુજબ છેઃ ઉત્તરેઃ ચતુર માવજીનું મકાન, દક્ષિણેઃ શેરી અને મંદિર, પૂર્વેઃ કાના ભાણાનું મકાન, પશ્ચિમેઃ ખોડા કુકાનું મકાન. | | | |

તા. ૦૬.૦૨.૨૦૨૬ સ્થળઃ રાજકોટ/મોરબી — સહી/- અધિકૃત અધિકારી વતી હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

## DEEP INDUSTRIES LIMITED

CIN: L14292GJ2006PLC049371
**Registered Address:** 12A & 14, Abhishree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad – 380 058.
**Ph.:** 02717-298510 • **Fax:** 02717-298520 • **E-mail:** cs@deepindustries.com • **Website:** www.deepindustries.com

**EXTRACTS OF UN-AUDITED STANDALONE & CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED ON 31st DECEMBER, 2025**

The Full format of the financial results for the quarter and nine months ended 31st December, 2025 are available on the Stock Exchange website (www.bseindia.com and www.nseindia.com) and on the Company's website (www.deepindustries.com).
The same can be accessed by scanning the QR code provided below.

Place : Ahmedabad
Date : 06.02.2026

On behalf of the Board of Directors
Paras Shantilal Savla
Chairman & Managing Director
DIN:00145639

HARSHA ENGINEERS

## HARSHA ENGINEERS INTERNATIONAL LIMITED

CIN:L29307GJ2010PLC063233
Regd. Office: Sarkhej-Bavla Road, Changodar, Ahmedabad, Sanand-382213, Gujarat, India.
Ph: +91 2717 618200, Fax: +91 2717 618259 Web: www.harshaengineers.com Email: sec@harshaengineers.com

**STATEMENT OF UNAUDITED CONSOLIDATED AND STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTH ENDED DECEMBER 31, 2025.**

The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites viz. www.bseindia.com and www.nseindia.com.
The same are also available on the Company's website viz. www.harshaengineers.com.
The full Results can also be accessed by scanning the QR Code hereunder.

Place : Ahmedabad
Date : 05-02-2026

By order of Board of Directors
For,
HARSHA ENGINEERS INTERNATIONAL LIMITED
Sd/-
Rajendra Shah
Chairman & Whole-time Director
DIN: 00061922

## IDBI BANK

રજીસ્ટર્ડ ઓફીસઃ આઈડીબીઆઈ ટાવર, WTC કોમ્પલેક્ષ, કફે પરેડ, મુંબઈ - ૪૦૦૦૦૫.
CIN: L65190MH2004GOI148838

**બેંકની તરફેણમાં ગીરવે મુકાયેલા વાહનોની હરાજી અને વેચાણ માટેની જાહેર નોટીસ**

આથી જાહેર કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ ઉધારકર્તા(ઓ) દ્વારા કરવામાં આવેલા ડિફોલ્ટને ધ્યાનમાં લઈ આઈડીબીઆઈ બેંક લિમિટેડે ઉધારકર્તા પાસેથી નીચે દર્શાવેલ હાઈપોથીકેટેડ વાહનનો ફરીથી કબજો લીધેલ છે. આઈડીબીઆઈને બાકી રહેલી સુરક્ષિત દેવાની વસૂલાત માટે નીચે દર્શાવેલ હાઈપોથીકેટેડ વાહનનું વેચાણ જાહેર ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે. નીચે દર્શાવેલ સમયસૂચિ મુજબ સામાન્ય જનતાને જાહેર ઈ-હરાજી માં બોલી લગાવવા આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ | કરજદારનું નામ | તારીખ ૧૧.૧૨.૨૦૨૫ મુજબ બાકી | ગીરો મૂકેલ વાહનની વિગત | રીઝર્વ કિંમત (આરપી) અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) | નીરીક્ષણની તારીખ | ઈએમડી અને દસ્તાવેજો જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય | ઈ-હરાજીની તારીખ | બીડ વધારવાની રકમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી હેમંત અનીલભાઈ પટેલ | રૂા. ૧૨,૫૪,૬૭૪/- | એમજી મોટર્સ ઈન્ડિયા પ્રા.લિ. (એમ જી હેક્ટર પ્લસ), ૬ સીટર હાઈબ્રીડ શાર્પ પેટ્રોલ-ગીયર; વાહન નં. GJ-07-DE-2111 (આરટીઓ: ખેડા); એન્જીન નં. 18M30220102; ચેસીસ નં. MZ7BD1D3H4H066929; ઉત્પાદન વર્ષ: ઓગસ્ટ ૨૦૨૧ | આરપી રૂા. ૧૦,૮૦,૦૦૦/- ઈએમડી રૂા. ૧,૦૮,૦૦૦/- | ૨૩.૦૨.૨૦૨૬ | ૨૬.૦૨.૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૪.૦૦ | ૨૭.૦૨.૨૦૨૬ | રૂા. ૧૦,૦૦૦/- |

**નિયમો અને શરતો:** (૧) હાઈપોથીકેટેડ વાહનનું વેચાણ **‘જે જેમ છે ત્યાં છે તે પ્રમાણે’, ‘જે જેવું છે તે પ્રમાણે’ તથા ‘જે કંઈ ઉપલબ્ધ છે તે પ્રમાણે’** સુરક્ષિત લેણદાર તરફથી અને તેના વતી એટલે કે આઈડીબીઆઈ બેંક લિ. માટે કરવામાં આવશે. ઈ-હરાજી બીડ દસ્તાવેજોમાં દર્શાવેલ વિગતવાર નિયમો અને શરતોને આધીન રહેશે. બિડ દસ્તાવેજો અમારી કચેરી આઈડીબીઆઈ બેંક લિ., ત્રીજા માળે, આઈડીબીઆઈ કોમ્પલેક્ષ, લાલ બંગલો, ઓફ સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬ ખાતે તમામ કામ-કાજના દિવસોમાં સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી વિના મૂલ્યે મેળવી શકાશે અથવા આઈડીબીઆઈની વેબસાઈટ: website: www.idbibank.in (ઈ-હરાજી પોર્ટલ) પરથી ડાઉનલોડ કરી શકાય છે. (૨) વિગતવાર પ્રક્રિયા અને હરાજી પ્રક્રિયા માટે કૃપા કરીને **શ્રી મૃગેશ શાહ** (મો.) ૯૮૭૯૫૮૪૮૦૮, ઈ-મેઈલ: **mrugesh.shah@idbi.co.in** અથવા **શ્રીમતી સ્મિતા માલવંકર** (મો.) ૯૯૮૭૭૫૭૨૫૨, ઈ-મેઈલ: **su.malvankar@idbi.co.in** નો સંપર્ક કરવો. (૩) ઈ-હરાજી સહાય માટે કૃપા કરીને **શ્રી વિસર્ગ શાહ** (મો.) ૮૮૬૬૮૨૬૫૮૮ અથવા **https://auctions.cardekho.com** પર સંપર્ક કરવો.

નોંધઃ (વિવાદની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે.) — તા. ૦૬.૦૨.૨૦૨૬, સ્થળઃ અમદાવાદ — સહી/- અધિકૃત અધિકારી, આઈડીબીઆઈ બેંક લી.